અમદાવાદમાં જીમખાનાની આડમાં ધમધમતું જુગારખાનું પકડાયું: ૧૨ લાખની રોકડ સાથે ૩૧ લોકોની ધરપકડ

પાછલા ચાર માસથી જુગારધામ ધમધમતું હતું, અધિકારીઓને કોર્ટના નામે ડરાવવામાં આવતા હતા, કેટલાક પોલીસ કર્મચારીઓ શંકાના ડાયરામાં

અમદાવાદ તા.૬

અમદાવાદના ઈસનપુરમાં 4 મહિનાથી જીમખાનાની આડમાં જુગારધામ ચાલતું હતું. અલગ અલગ એજન્સીના અધિકારીઓને કોર્ટના નામે ડરાવતાં હોવાની વાતો પણ વહેતી થઈ હતી, ત્યારે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા આખા રકેટનો પર્દાફાશ કરવા માટે PCBને સૂચના આપી હતી. રવિવારે રાત્રે PCBની ટીમે દરોડા કરીને 31 લોકો સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. જ્યારે મુખ્ય ભેજાબાજ વોન્ટેડ છે.

આ સમગ્ર જુગારના રેકેટમાં જીમખાનાના નામે મંજૂરી હતી, પરંતુ અહીંયા જુગાર રમતો હોવાની શક્યતાએ પોલીસે દરોડા કરીને 12 લાખ રોકડ પણ જપ્ત કરી છે. મળતી માહિતી અનુસાર આ સમગ્ર જુગારનાં રેકેટમાં કેટલાક પોલીસકર્મીઓ શંકાના દાયરામાં હોવાની શક્યતા છે. હાલ આ સમગ્ર કેસની તપાસ કાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે.

PCBની ટીમને બાતમી મળી હતી કે, ઈસનપુર જીમખાના પ્રાઈવેટ લિમિટેડ ક્લબની અંદર જુગારધામ ચાલી રહ્યો છે. આ જુગારધામ ઈસનપુરનો અરવિંદ ઉસ્તાદ દલાલ તેમજ નરોડાનો મુળરાજસિંહ ઉર્ફે મુળુભા રાણા અને નિતીન ભેગા મળીને ચલાવી રહ્યા છે. બાતમીના આધારે PCBની ટીમે દરોડા પાડવા માટે માઈક્રોલેવલનું પ્લાનિંગ કર્યું હતું. PCBની ટીમે પ્લાનિંગના આધારે તાત્કાલિક જીમખાના પર પહોંચી ગઈ હતી. જ્યાં જુગાર રમતા 31 શખસની ધરપકડ કરી હતી.

પકડાયેલા જૂગારીઓ

PCBએ શંકર કલાલ, ધનજી પટેલ, સૌરભ ભાવસાર, અબ્દુલ શેખ, લીલા રાવળ, ઇમરાન પઠાણ, જયેશ પડીયા, માણેકશા વેગડા, સમસુદ્દીન સાલાર, મોહમદ સોહેલ શેખ, અલ્લારખ્યા કુરેશી, સંજય સોલંકી, મહેન્દ્રસિંહ ચુડાસમા, નિતીન પટેલ, સુરેશન ગોખલે, રાજેશ ઠક્કર, કુલદિપસિંહ ગઢવી, બકુલ પટેલ, વિરલ પટેલ, દિલીપસિંહ ઝાલા, મહેન્દ્રકુમાર મીણા, હીરાલાલ મીણા, ગણેશ મીણા સંતોષ જોગી, યાદરામ ઠાકુર, વાલમભાઇ પટેલ, દિલીપકુમાર સરવૈયા, જતીન મુંજાણી, અજીત શાહ, બળવંતસિંહ ગોહિલ તેમજ દીગ્વીજયસિંહ રાણાની ધરપકડ કરી છે.

ડાયમંડ ટ્રેડિંગ કંપનીએ હીરાની હરાજી માટે સ્લોટ ખુલ્લો મૂક્યો

૧૦ મે સુધી હરાજી ખૂલ્લી રહેશે, હીરાની સાઈઝ પ્રમાણે બેથી ત્રણ ટકાનો ભાવ ઘટાડો

સુરત, તા.૬

રફ હીરાની હરાજી માટે કામ કરતી કંપની ડીટીસી(ડાયમંડ ટ્રેડિંગ કંપની) દ્વારા રફની હરાજી માટેનો સ્લોટ ઓપન કર્યો છે. આગામી 6મે થી 10 મે સુધી સાઇટ હરાજી માટે ખુલ્લી રહેશે. આ વખતે પણ અલગ અલગ સાઈઝ પ્રમાણે 2 થી 3 ટકાનો ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ડીટીસી દ્વારા વર્ષમાં એક કેલેન્ડર જાહેર કરવામાં આવતું હોઇ છે અને એ કેલેન્ડર મુજબ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને રફ હીરાની ગુણવત્તા અને આકાર મુજબ તેના ભાવ નક્કી કરવામાં આવતા હોઇ છે. ડીટીસી દ્વારા આગામી હરાજી માટે રફની કિંમત જાહેર કરવામાં આવી હતી. આ વખતે પણ રફ હીરાની કિંમતમાં સાઈઝ પ્રમાણે 2 થી 3 ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છેકે, સુરતની અનેક મોટી હીરા કંપનીઓ આ ડીટીસી(ડાયમંડ ટ્રેડિંગ કંપની) સાઇટ દ્વારા જાહેર કરવામાં આવેલ ભાવ આધારે ધંધો કરતી પણ નથી. પરંતુ વૈશ્વિક સંસ્થા હોવાને કારણે નાના અને મધ્યમ કદના હીરા ઉદ્યોગકારો તેને ફોલો કરતા હોઇ છે અને વૈશ્વિક માર્કેટમાં પણ અનેક સોદા એના આધારે જ થાય છે.

રિંગરોડ ઉપર બેફામ દોડી રહેલા ટેમ્પો અડફેટે અમરોલીના એકનું મોત, એકને ગંભીર ઈજા

સુરત: રિંગરોડ બ્રિજ ઉપર રોંગ સાઈડે હંકારી રહેલા ટેમ્પા ચાલકે બાઈક સવાર બે મિત્રોને અડફેટે લેતા એકનુ મોત નિપજ્યું હતું. જ્યારે બીજા મિત્રને સામાન્ય ઈજા પહોંચી હતી. મૃતક યુવક મિત્રો સાથે ડુમસ ફરીને પરત જઈ રહ્યા હતા અને મોતને ભેટ્યો હતો.

મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ અમરોલી ખાતે આવેલ શિવ સાગર એપાર્ટમેન્ટમાં રહેતા જેજેરામ પ્રજાપતિનો પુત્ર રાકેશ (ઉ.વ.24) ગેસ રિફેલિંગનું કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. રાકેશ ગઈ કાલે સૌરવ મોર્યા(ઉ.વ.૨૭) સહિતના મિત્રો સાથે ડુમસ બીચ સહિતના સ્થળે ફરવા નિકળ્યો હતો. આખો દિવસ ફરીને રાત્રે તમામ મિત્રો ઘરે આવવા માટે નિકળ્યા હતા. રાકેશ અને સૌરવ એક જ બાઈક પર હતા. તેઓ રિંગરોડ બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે બ્રિજ ઉપર રોંગ સાઈડે આવેલા ટેમ્પા ચાલકે આ મિત્રોની બાઈકને ટક્કર મારી હતી. જેમાં બંને મિત્રો જમીન ઉપર ફંગોળાયા હતા. આ અકસ્માતમાં રાકેશને ગંભીર ઈજા પહોંચી હતી અને મિત્રને સામાન્ય ઈજા પહોંચી હતી. બંને સારવાર માટે સ્મીમેર હોસ્પિ.માં ખસેડાયા હતા. જ્યાં તબીબે રાકેશને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે પરિવારમાં અને મિત્ર વર્તુળમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

બે મિત્રો રાકેશ પ્રજાપતિ અને સૌરવ મોર્યા ડુમસ ફરવા ગયા હતા, ત્યાંથી ઘરે આવવા નીકળ્યા હતા

રાંદેરમાં દેશી બનાવટની પિસ્તોલ સાથે એક ઝડપાયો

સુરત: રાંદેર પોલીસે બાતમીનાં આધારે ચંદ્રેશ ઉર્ફે ચંદુને શ્રધ્ધા એપાર્ટમેન્ટ માંથી એક દેશી બનાવટી પિસ્તોલ અને બે કાર્ટીઝ સાથે ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાંદેર પોલીસ સ્ટેશનનાં પીઆઈ એ.એસ. સોનારાનાં સ્ટાફનાં માણસો પેટ્રોલીંગમાં હતા. તે સમયે પો.કો.વિકાસ હમીર અને પો.કો. અર્જુન રાઘુ ભાઈને બાતમી મળી હતી. કે રાંદેર વિસ્તારમાં આવેલા ફલેટ નં.૯ શ્રધ્ધા એપાર્ટમેન્ટ દિપમાલા સોસાયટી રામનગર રાંદેર નાંએ તે નાજ ઘરમાં પિસ્તોલ અને કાર્ટીઝ સંતાડી છે. પોલીસે બાતમી વાળી જગ્યાએ જઈને ત્યાંથી ચંદ્રેશ ઉર્ફે ચંદુ રામ હરીશ કનોજીયા (ઉ.વ.૨૭) મૂળ સુલતાનપુર તા.અકબરપુર ગામ.મઇઈ થાના અને હાલ રહે ઘર નં-૯, શ્રધ્ધા એપાર્ટમેન્ટ દીપમાલા સોસાયટી રામનગર વોક વે પાસે રાંદેર સુરતને ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી એક દેશી બનાવટી પિસ્તોલ અને બે કાર્ટીઝ કબજે લીધા છે.

વિન્સોલ એન્જિનિયર્સ લિમિટેડ'નો આઈપીઓ ૯મે2024ના રોજ બંધથશે

ગાંધીનગર: 'વિન્સોલ એન્જિનિયર્સ લિમિટેડ' નો આઈપીઓ 6ઠ્ઠી મે, 2024ના રોજ ખૂલ્યો હતો. અને ૯ મેના રોજ બંધ થઈ રહ્યો છે. 'વિન્સોલ એન્જિનિયર્સ લિમિટેડ' જામનગર ખાતે અગાઉ 'વિન્સોલ એન્જિનિયર્સ પ્રાઈવેટ લિમિટેડ'નામથી શરૂ થઈ હતી. બાદમાં 21 ડિસેમ્બર, 2023ના રોજ કંપનીને 'વિન્સોલ એન્જિનિયર્સ લિમિટેડ' નામ આપવામાં આવ્યું હતુ.

જામનગર સ્થિત વિન્સોલ એન્જિનિયર્સ લિમિટેડ એક સંકલિત એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ, બાંધકામ અને કમિશનિંગ કરી આપતી કંપની છે જે પવન અને સૌર ઉર્જા ઉત્પાદન કંપનીઓ માટે બેલેન્સ ઓફ પ્લાન્ટ (BoP) સોલ્યુશન્સ પ્રદાન કરે છે.

બીઓપી સોલ્યુશન્સ માટેની કંપનીની મુખ્ય સેવાઓમાં ફાઉન્ડેશન વર્ક, સબસ્ટેશન સિવિલ અને ઈલેક્ટ્રીકલ વર્ક, રાઈટ ઓફ વે સર્વિસ, સબસ્ટેશન અને ગ્રીડને કેબલીંગ અને પરચુરણ કામનો સમાવેશ થાય છે, કંપનીને તેના પ્રમોટર્સ રમેશ જીવા પિંડારિયા અને કિશોર જીવા પિંડારિયાના બહોળા અનુભવનો લાભ મળે છે, જેઓ કંપની સાથે સંકળાયેલા છે. તેઓ એન્જિનિયરિંગ ઉદ્યોગમાં 35 (પાંત્રીસ) વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મુખ્ય સંચાલકીય કર્મચારીઓ અને વરિષ્ઠ મેનેજમેન્ટ કર્મચારીઓએ પણ કંપનીના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

પલસાણા શાખા : લક્ષ્મી શોપીંગ સેન્ટર, પલસાણા, જી. સુરત-394315. ઈ-મેલ : dbpals@bankofbaroda.com

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

નિયમ 8(1) મુજબ સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમ 8(2) અને પરિશિષ્ટ IV સાથે વાંચો અને SARFAESI એક્ટ, 2002 ની કલમ 13(4) સાથે વાંચો

આથી નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002)તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 13(12) સહિત રૂલ નં 3 હેઠળ મળેલ સત્તાની રૂએ તા.10-01-2024 ના રોજ કરજદારો શ્રી દ્રિવેદી શંકરલાલ આર.(કરજદાર) અને શ્રીમતી શબાના શંકરલાલ દ્રિવેદી(સહ-કરજદાર) ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ રૂા.19,15,162.38(રૂપિયા ઓગણીસ લાખ પંદર હજાર એક સો બાંસઠ રૂપિયા અને આડત્રીસ પૈસા પૂરા)(લાગુ ન થયેલ વ્યાજ, અનચાર્જડ વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે) તથા કરારના દરે આગળનું વ્યાજ સદરહુ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસમાં પરત ચુકવવા જણાવાયું હતું.

કરજદારો સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદારો અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એકટની કલમ 13 (4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો કબજો તા.04-05-2024ના દિને સંભાળી લીધેલ છે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13 ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર બેંક ઓફ બરોડાને આધીન રહેશે, યાને રૂા.19,15,162.38 (રૂપિયા ઓગણીસ લાખ પંદર હજાર એક સો બાંસઠ રૂપિયા અને આડત્રીસ પૈસા પૂરા) તથા આગળનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ વસુલાતને પાત્ર રહેશે.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સા સહિત સ્થાવર મિલકત, ફ્લેટ નં. 201, બિલ્ટ અપ એરિયાનું માપ 587 ચો.ફુટ યાને 54.52 ચો.મી. અને કાર્પેટ એરિયાનું માપ 500.00 ચો.ફુટ યાને 46.48 ચો.મી. તથા તેની બાલ્કની અને વોશ એરિયાનું માપ 4.85 ચો.મી., બીજા માળે સ્થિત, કથિત બિલ્ડીંગની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું માપ 22.17 ચો.મી., બિલ્ડીંગ નં.B/2, નિલકંઠ હાઈટ્સ, રેવન્યુ સર્વે નં. 25, બ્લોક નં. 49, ટી.પી. સ્કીમ નં. 34 (પાલી-સચીન-કનસાડ), ફાઈનલ પ્લોટ નં. 28, ગામ પાલી, જી. સુરત, સબ ડિસ્ટ્રી. ચોર્યાસી. જે મિલકતની ચતુર્સિમા : પૂર્વ : લાગુ સ્કૂલ અને પ્લે ગાર્ડન, પશ્ચિમ : લાગુ રસ્તો, ઉત્તર : લાગુ રસ્તો, દક્ષિણ : લાગુ બ્લોક નં.48/A.

સિક્યોરિટી એગ્રીમેન્ટ: ઉપરોક્ત મિલકત તા.03-12-2022 ના રોજ સબ રજીસ્ટ્રાર પલસાણા સાથે નોંધાયેલ ટાઈટલ ડીડ બેરિંગ રજીસ્ટ્રેશન નંબર 9398 ના ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ ડિપોઝીટ દ્વારા બેંક ઓફ બરોડા પાસે મોર્ગેજ કરવામાં આવી હતી. CERSAI સુરક્ષા આઈડી 400067463065 સાથે નોંધાયેલ છે.

તા. 04-05-2024 | સ્થળ : સુરત. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.

HDFC BANK HDFC Bank Ltd. કબજા નોટીસ

૨૦૧-૨૦૪, રીદ્ધી શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેરની સામે, અડાજણ-હજીરા રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન: ૦૨૬૧-૪૫૪૧૨૧૨

આથી એચડીએફસી બેંક લીમીટેડ (અગાઉ એચડીએફસી લીમીટેડ જેનું તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજ માનનીય NCLT- મુંબઈ દ્વારા મંજૂર કરાયેલ એકીકરણ યોજના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથેના જોડાણ થયા મુજબ (એચડીએફસી) ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (જે કાયદો)ના અને કલમ ૧૩ (૧૨)ના નિયમ 3 અન્વયે મળેલી સત્તાની રૂએ તથા કલમ ૧૩(૨) હેઠળ કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓ લોનની બાકી પડતી લેણી જે નીચે મુજબ તેઓના નામ સામે જણાવેલ છે તે સહીત પુરેપુરી લોનની ભરપાઈ કરવા ૬૦ દિવસની ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. તદઉપરાંત લોનની ચૂકવણી/વસુલાતની તારીખ સુધી લાગુ પડતુ ભવિષ્યનું વ્યાજ,ઈન્સીડેન્શીયલ એકસ્પેન્સ, ખર્ચા/ચાર્જીસ વગેરે સહિતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ક્રમ નં.	કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓના નામ	તારીખના રોજ ચુકવવાના બાકી લેણા રૂા.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ/ પ્રત્યક્ષ/સાંકેતિક	સ્થાવર મિલકત/તો સીકયોર્ડ એસેટસ્ નું વર્ણન.
૧.	શ્રી દરજી પ્રવિણકુમાર ખેમચંદભાઈ (કરજદાર), શ્રીમતી દરજી ઈન્દ્રાબેન પ્રવિણકુમાર (સહ-કરજદાર) ૧૬૩૪૭૦-૬૪૦૬૫૬૯૨, ૬૩૫૪૩૫૮૩૮	રૂા.૩,૪૬,૮૩૩/-, રૂા.૪૪,૩૨,૬૯૦/- ૩૦-જૂન- ૨૦૨૩ ના રોજ	૧૯-જુલાઈ-૨૦૨૩	પ્રત્યક્ષ કબજો ૦૫/૦૫/૨૦૨૪	ફ્લેટ-૨૦૨, બીજો માળ, કપ્રભંજન લિવીનો , ટાઈપ નં. ૪૮/૨, કંથેરિયા હનુમાનજી મંદિર પાછળ, માનસી ફ્લેટ સામે, રીવર પાર્ક સોસાયટી, કોઝવે રોડ, સિગણપોર, સુરત-૩૯૫૦૦૪.

* આ ઉપરાંત ચુકવણી/વસુલાતની તારીખ સુધી ચુકવણીની તારીખ સુધીની અને /અથવા વસુલી સુધીનું લાગુ પડતુ વધારાનું વ્યાજ, ઈન્સીડેન્સલ ખર્ચાઓ, કિંમતો, ચાર્જીસ વિગેરે.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એકટની કલમ 13(૪) ને સદરહુ નિયમોના નિયમ ૮ અવ્વયે એચડીએફસી ના અધિકૃત અધિકારીને મળેલી સત્તાની રૂએ અહીં અત્રે ઉપર જણાવેલી મિલકતનો સાંકેતિક / પ્રત્યક્ષ કબજો લીધો છે.

આથી કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે તેમણે સદરહુ સ્થાવર મિલકત / સલામત મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહી અને કોઈપણ વ્યવહાર એચડીએફસી ના બાકી પડતા લેણાં અને તેના પરના ભવિષ્યના વ્યાજ રકમની વસુલાતને પાત્ર રહેશે.

અહી કરજદાર/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ નું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ પંચનામાની કોપી અને સામગ્રીઓની યાદી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે ઓફિસના કામકાજના દિવસો અને કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

તારીખ: ૦૫/૦૫/૨૦૨૪ સ્થળ: સુરત. એચડીએફસી બેંક લીમીટેડ વતી, અધિકૃત અધિકારી.

Regd. Office: HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai – 400013.

ઈ-ઓકશન સેલ નોટીસ

એડેલવેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

CIN: U67100MH2007PLC174759

રજિ.ઓફિસ : એડેલ વેઈસ હાઉસ, પહેલા માળે, સીએસટી રોડના નાકે, કાલિના, મુંબઈ - ૪૦૦૦૯૮

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨(રૂલ્સ)ના રૂલ ૮(૬) અને ૬(૧)ને વંચાણે લીધા બાદ ગીરો મુકવામાં આવેલી સ્થાવર મિલકતોના ઈ - ઓકશન સેલ માટેની નોટીસ

ઈન્ડસઈન્ડ બેંક લિમીટેડ (હવે પછી એનો ઉલ્લેખ 'આઈબીએલ'તરીકે થશે) એ ફાઈનાન્સિયલ એસેટસની જવાબદારી એડેલ વેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ ને સોંપી હોવાથી અને તેઓ ઈએઆરસી- ટ્રસ્ટ-એસસી-૪૪૪ (હવે પછી એનો ઉલ્લેખ ઈએઆરસી તરીકે થશે)ના ટ્રસ્ટીઓ તરીકે કાર્યરત હોતેમને સરફાયેસી એકટ,૨૦૦૨ના ખંડ ૧૩(૪) ની જોગવાઈ હેઠળના તા.૩૧-૦૩-૨૦૨૧ના રોજ એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટથી સોંપી હતી. જેને ધ્યાને લેતા ઈએઆરસી સલામત ધિરાણકાર તરીકે નીચે જણાવેલા દેવાદારોએ મેળવેલી આર્થિક લોનની સામે ગીરો મુકેલ મિલકતો અને બાકી લેણી રકમ વસુલ કરવાના અધિકારો પણ મેળવેલ છે.

આથી નીચે જણાવેલા દેવાદારોને અને જામીનદારોને ખાસ તથા જાહેર જનતાને ૧૫ દિવસની નોટીસ આપવામાં આવે છે કે સલામત ધિરાણકર્તાએ તેમના અધિકૃત અધિકારી મારફતે નીચે જણાવેલી સુરક્ષિત મિલકતોનો કબજો લીધો છે જેનું વેચાણ અધિકૃત અધિકારી (એઓ) દ્વારા ' જેમ છે જ્યાં છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય' ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.

ઈ - ઓકશન માટે મુકાયેલ સલામત મિલકતની વિગતો :

લોન ખાતા નંબર	વેચાણ કરનાર સંસ્થા/ દેવાદાર/સહ દેવાદારના નામ	ટ્રસ્ટનું નામ	બેંક અને શાખાનું નામ,ખાતા નં. અને આઈએફએસસી કોડ	તા.૨૬.૦૪.૨૦૨૨ના રોજ કુલ બાકી રકમ (રૂ.)	અનામત કિંમત (રૂ.)	ઈએમડી(રૂ.)	ઈ-ઓકશનની તારીખ અને સમય	કબજાનો પ્રકાર
GSS00940N	મે.ડોલી એન્ટરપ્રાઈઝ (દેવાદાર) , શ્રી કૈલાસ રમેશ ગંગવાણી (સહદેવાદાર/ ગીરોદાર) ,શ્રી રમેશ રામનારાયણ ગંગવાણી (સહદેવાદાર), શ્રીમતી નિલમ રમેશ ગંગવાણી (સહદેવાદાર)	EARC TRUST SC 414	આઇસીઆઇસીઆઇ બેંક લિ. નરિમાન પોઇન્ટ, 000405123391; ICIC0000004	Rs. 96,83,366.23 (રૂપિયા છહ્નુ લાખ ત્યાંસી હજાર ત્રણસો છાંસઠ અને ત્રેવીસ પૈસા પુરા)	Rs. 40,50,000/- (રૂપિયા ચાલીસ લાખ પચાસ હજાર પુરા)	Rs. 4,05,000/- (રૂપિયા ચાર લાખ પાંચ હજાર પુરા)	28th May,2024 12.00 Noon	વાસ્તવિક કબજો

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત ફ્લેટ નં. ૩૦૨,ત્રીજા માળે,સુપરબિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૨૦૦ ચો.ફૂટ અને ૧૨૨.૮૨ ચો.મી. બિલ્ટઅપ એરિયાની સાથે પ્રથમ એપાર્ટમેન્ટ-બીની અવિભાજિત જમીનનો ભાગ,રે.સ.નં.૭૦/૨,ટીપી સ્કીમ નં.૪(ઉમરા) ફા.પ્લોટ નં.૬૫/એ,ક્ષેત્રફળ ૧૬૭૨.૮૬ ચો.મી. મોજે ગામ ઉમરા,સુરત -૩૯૫૦૦૭ **ચતુઃસીમા : પૂર્વે :** ખુલ્લી જગ્યા, **પશ્ચિમે :** પેસેજ, **ઉત્તરે:** ફ્લેટ નં.૩૦૧ , **દક્ષિણે :** પેસેજ

ઓકશન પ્રક્રિયા વિશેની મહત્વની જાણકારી

1	બદ્યા ડીમાન્ડ ડ્રાફ્ટસ(ડીડી) ઉપર જણાવેલ ટ્રસ્ટના નામે મુંબઈ ખાતે ચુકવવાપાત્ર હોવા જોઈએ
2	ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ ઓકશનના એક દિવસ અગાઉ સુધી મળી જવી જોઈએ
3	બીડ રજુ કરવાનું સ્થળ એડેલ વેઈસ હાઉસ,પહેલા માળે,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮
4	ઓકશનનું સ્થળ (ઓકશન માટેની વેબસાઈટ) ઈ- ઓકશન (https://auction.edelweissarc.in)
5	સંપર્ક વ્યક્તિ અને ફોન નં. ટોલ ફ્રી નંબર: ૧૮૦૦૨૬૬૬૫૪૦
6	મિલકતનું નિરીક્ષણ કરવા માટેની તારીખ અને સમય અગાઉથી મુલાકાતનો સમય નક્કી કર્યા મુજબ

વેચાણની શરતો અને નિયમો વિશે વધુ જાણકારી માટે ઈએઆરસીની વેબસાઈટ જુઓ : https://auction.edelweissarc.in

સ્થળ : સુરત - અધિકૃત અધિકારી

તારીખ : ૦૬.૦૫.૨૦૨૪ વતિ એડેલવેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ(ઈએઆરસી ટ્રસ્ટ એસસી ૪૪૪ના ટ્રસ્ટી)

Edelweiss Asset Reconstruction

-: ટાઇટલ અંગેની જાહેર નોટીસ :-

આથી તમામ લાગતા વળગતાઓને જણાવવાનુ કે **સુરત** ડીસ્ટ્રીકટના **ચોર્યાસી તાલુકાના** મોજે ગામ **ગોડાદરાના** રે.સ.નં. ૧૨૪ પૈકી, બ્લોક નં.૧૧૯ પૈકી, ટી.પી સ્કીમ નં. ૬૧, ફાયનલ પ્લોટ નં. ૧૧૪/એ, થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં આવેલ **"નારાયણ નગર"** મા આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૨૭ વાળી મિલકત **માંગીલાલ પ્રતાપજી પ્રજાપતિના** નામે ચાલે છે. સદર મિલકત **રાજેન્દ્ર પ્રજાપત અને મુકેશ પ્રજાપત** ખરીદવા માંગે છે. એમ જણાવી તેઓએ અમારી પાસેથી ટાઇટલ ક્લીયરન્સ રીપોર્ટની માંગણી કરી જણાવેલ છે કે નીચે વિગતનો અસલ દસ્તાવેજ તેમની પાસેથી ગુમ-ગેરવલ્લે થયેલ છે. સદર મિલકત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો હકક-હિસ્સો કે ચાર્જ-બોજો, વાંધા-વિરોધ વગેરે હોય તો સદર નોટીસ પ્રસીદ્ધ થયે **દીન-૭** માં વાંધા તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. અન્યથા સદરહુ મિલકતમાં હીત ધરાવનારાઓએ સદર મિલકત પરત્વેના પોતાના તમામ હકક-અધીકારો જતા કરેલા છે. એમ માનીને અમો ટાઇટલ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશુ. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

-:: ગુમ થયેલ દસ્તાવેજની વિગત ::-

અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૭૦૯ તા. ૧૨/૦૧/૨૦૧૧ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રસીદ

એડ્રેસ: ૧૧૩, જલ દર્શન ટાવર, બહુમાળી પાસે, નાવડી ઓવારા સામે, નાનપુરા, સુરત.મો. ૯૬૦૯૭ ૮૧૪૬૧ | **મનોજ ડી. તારપરા (એડવોકેટ)**

PUBLIC NOTICE

That (1) Harishbhai Dahyabhai Patel and (2) Kantaben Harishbhai Patel are an absolute owner of Property Bearing **Aawas/Plot No. 63,** admeasuring about 58.52 Sq. Mtrs. plot area along with undivided proportionate share in land of Road and C.O.P. admeasuring about 45.75 Sq. Mtrs. along with Construction thereon in society known as **VAISHALI ROW HOUSE** situated at land bearing Revenue Survey No. 437/2 and 438 Paiki, Block No. 384 of **Village : Pal,** Taluka : Surat City, Dist. Surat. That present owners have informed us that the following document as described in schedule has been lost by them and that never ever it was used as security for obtaining any financial assistant by him or anyone else. Any person or persons, society, institution, group, trust, banks etc. owing any right of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims, all within a period of 7 (Seven) days from the date of publication of this notice personally before the undersigning along with all documentary proof in original, upon expiry of which, no rights or claims of whatsoever nature shall be entertained.

SCHEDULE OF LOST ORIGINAL DOCUMENTS

Prior Original Sale deed, which was registered in the office of the Sub-Registrar, Surat-(Katargam) in Book No. 1 at Serial No. 14346 on 22.12.2006 and its Original Registration Receipt.

Office. 109, 1st Floor, Gulabchand Nagar Apartment, Beside Tristar Hospital, Athwagate, Surat - 395002. Mobile No.: 99133 99980, 99138 99980 | **SEHUL S. MODI (ADVOCAT